RIGHT TO INFORMATION

सूरत महानगर पालिका

बहुजनहिताय बहुजनसुखाय

અપીલ અરજી નં.૬૦૩ તા.૩–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) હળપતિવાસ પાંડેસરા સ્થિત રામદેવ ફર્નિચરની બાજુમાં હાલમાં તૈયાર થતા ત્રણ માળના બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્રની નકલ તથા મંજૂર પ્લાનની નકલ આપશો. વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૦૩/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) હળપતિવાસ પાંડેસરા સ્થિત રામદેવ ફર્નિચરની બાજુમાં હાલમાં તૈયાર થતા ત્રણ માળના બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્રની નકલ તથા મંજૂર પ્લાનની નકલ આપશો. વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૩૨ તા.૧૩–૨–૧૨ થી એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે પછી પણ નારજગીના કિસ્સામાં તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ રજૂઆત કે પક્ષ રજૂ થયેલ નથી.

અરજદારની તા.૨૬–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા.૩–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજીના મુદ્દા નં.(૧) હળપતિવાસ પાંડેસરા સ્થિત રામદેવ ફર્નિચરની બાજુમાં હાલમાં તૈયાર થતા ત્રણ માળના બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્રની નકલ તથા મંજૂર પ્લાનની નકલ આપશો. મુદ્દા નં.(૨) નીચે ત્રણ દુકાનો સહિતના ત્રણ માળના આ બાંધકામોની સ્થળે અત્યાર સુધીમાં આપના વિભાગના કયા કયા અધિકારીએ મુલાકાત લીધેલી છે તેની વિગત તથા તે મુલાકાત દરમ્યાન તૈયાર કરેલ રીપોર્ટની નકલ આપશો. મુદ્દા નં.(૩) આ બાંધકામ જે જમીન પર હાલમાં થઈ રહયું છે તે જમીનની માલિકી અંગેના ડોકયુમેન્ટની નકલો આપશો. મુદ્દા નં.(૪) આ બાંધકામ અગર આપની કચેરીની મંજુરી વિના જ ઉભું થતું હોય તો તેની વિરુધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગ તરફથી જે જે કાર્યવાહી કરવામાં આવી હોય તેની નકલો સહિતની વિગતો આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૩–૨–૧૨ ધ્યાને લેતાં ૩–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૮–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૬–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭((૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,